મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોના કિચનશેડનું આધુનિકરણ
કરવાની યોજનામાં વધારાની આઇટમની વહીવટી મંજૂરી આપવા
બાબત. સને ૨૦૧૪-૧૫ : નવી બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૪/૨૧૫/૨,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૮ /૧૨ /૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલયના તા.૧૫/૦૪/૨૦૧૪ના ના અસ પત્ર ક્રમાંક: નં.૭-૧૩/૨૦૧૩-ઇઇ. ૬/(એમડીએમ ૩-૧)

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૩ /૯/૨૦૧૪, તા.૧૧/૦૨/૨૦૧૫ અને તા.૨૬/૦૩/૨૦૧૫નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૩) શિક્ષણ વિભાગનો તા.૧૪ /૫/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક- મભય/૧૦૨૦૧૪/૫૯૭/૨.

(૪) શિક્ષણ વિભાગનો તા.૨૩ /૪/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક- મભય/૧૦૨૦૧૪/૫૮૬/૨.

(૫) સર્વ શિક્ષા અભિયાનનો તા.૧૫/૧૦/૧૫નો પત્ર ક્રમાંક-એસએસએ/સિવિલ/૨૦૧૫/૪૨૮૦૪ -૮૦૫ અને તા.૨/૧૧/૧૫નો પત્ર ક્રમાંક-એસએસએ/સિવિલ/૨૦૧૫/૫૬૬૨

પ્રસ્તાવના

ગુજરાત રાજયની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગરમ તેમજ પોષ્ટીક આહાર મળી રહે તે હેતુથી મધ્યાહન ભોજન યોજના હેઠળ ગરમ અને તાજું ભોજન બનાવવા માટે કિચન શેડનું બાંધકામ કરવામાં આવે છે.ભારત સરકારના સંદર્ભ.-(૧)ના અ.સ.પત્ર અન્વયે કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાએ તા ૨૮/૮/૨૦૧૫ની નોંધથી કરેલ દરખાસ્તના અનુસંધાનમાં રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય તેવી પ્રાથમિક શાળાઓના ૭૫૬ કિચનશેડનું આધુનિકરણ કરવા માટે સંદર્ભ-(૨)ના ત્રણ ઠરાવોથી વહિવટી મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભ-(૩)ના શિક્ષણ વિભાગના ઠરાવથી સને.૨૦૧૫-૧૬ માટે નવી બાબતે ૫૦૦ અન્ય કિચન શેડનું આધુનિકરણ કરવા માટે રુ.૨૨૫૦.૦૦ લાખની વહિવટી મંજુરી આપવામાં આવેલ જેમાં ગેસ કનેકશન માટેની પાઇપ લાઇન,વાલ્વ,રેગ્યુલેટર,લાઇટર માટે એક કિચન શેડ દીઠ રુ.૮૫,૦૦૦નો પણ સમાવેશ થતો હતો. સંદર્ભ-(૫)ના સર્વ શિક્ષા અભિયાનના તા.૨/૧૧/૧૫ પત્રથી સને.૨૦૧૪-૧૫માં નવી બાબતે અગાઉના ૭૫૬ કિચનશેડનું આધુનિકરણ કરવા માટે ની દરખાસ્તમાં ગેસ કનેકશન માટેની પાઇપ લાઇન,વાલ્વ,રેગ્યુલેટર, લાઇટર માટેનો સમાવેશ કરવામાં આવેલ ન હોઇ ઉકત બાબતનો સમાવેશ કરવા માટે ટેન્ડરના ભાવો પ્રમાણે રુ.૫૯૨.૦૦ લાખની મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે.તેમજ આ માટે સંદર્ભ-(૩)ના ઠરાવથી ૫૦૦ મભોયો કેન્દ્રોના આધુનિકરણ માટે રુ.૨૨.૫૦ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે તે રકમમાંથી રુ.૧૨૭.૯૧ લાખની બચત રકમને ઉકત હેતુ માટે તબદીલ કરવાની મંજુરી અને સંદર્ભ-(૪)ના શિક્ષણ વિભાગના ઠરાવથી સને.૨૦૧૫-૧૬માં નવી બાબતે મધ્યાહન ભોજન યોજના ખાતે રસોઇ બનાવવા માટેના કિચનશેડના રીપેરીંગ કરવા માટે ૫૦૦૦ યુનિટ ના એક યુનિટ દીઠ રુ.૪૦,૦૦૦ લેખે રુ.૨૦.૦૦ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. તેમાં બચત રહેતી રુ.૪૬૪.૦૯ લાખની રકમ તબદીલ કરીને ઉકત બાબતે કુલ રુ.૫૯૨.૦૦ રકમનો ખર્ચ કરવા વહિવટી મંજુરી આપવા કમિ.મભોયો દ્વારા દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

ઠરાવ-

પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ-(૩)ના ઠરાવથી ૫૦૦ મભોયો કેન્દ્રોના આધુનિકરણ માટે રુ.૨૨.૫૦ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. તે રકમમાંથી રુ.૧૨૭.૯૧ લાખની બચત રકમને ઉકત હેતુ માટે તબદીલ કરવાની અને સંદર્ભ-(૪)ના શિક્ષણ વિભાગના ઠરાવથી સને.૨૦૧૫-૧૬માં નવી બાબતે મધ્યાહન ભોજન યોજના ખાતે રસોઇ બનાવવા માટેના કિચનશેડના રીપેરીંગ કરવા માટે ૫૦૦૦ યુનિટ ના એક યુનિટ દીઠ રુ.૪૦,૦૦૦ લેખે રુ.૨૦.૦૦ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. તેમાં બચત રહેતી રુ.૪૬૪.૦૯ લાખની રકમ તબદીલ કરવાની મંજુરી આપીને ઉકત ૭૫૬ કીચનશેડનું આધુનીકરણ કરવા માટે ગેસ

કનેકશન માટેની પાઇપ લાઇન,વાલ્વ,રેગ્યુલેટર, લાઇટર વિગેરે પેટે કુલ રુ.૫૯૨.૦૦ (રૂ.૧૨૭.૯૧+રૂ. ૪૬૪.૦૯)રકમનો ખર્ચ કરવા નીચેની શરતોને આધિન આ.થી વહિવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો-

(૧) શિક્ષણ વિભાગના તા.૧૪ /૫/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક- મભય/૧૦૨૦૧૪/૫૯૭/રના ઠરાવની શરતોનું પાલન કરવાનું રહેશે.

**(૨) કમિ.મ.ભો.યો. દ્વારા ઉકત રકમની તબદીલી થવાથી સુધારેલ અંદાજમાં ફેરફાર કરીને વિભાગની બજેટ શાખાને ૨ દિવસમાં રજુ કરવાના રહેશે.**

(૩) આ યોજનાની અમલવારી સર્વ શિક્ષા અભિયાન કચેરી,ગાંધીનગર દ્વારા કરવાની રહેશે અને ચાલુ નાણાકિય વર્ષમાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુક્ત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૯ /૧૨ /૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.ગુજરાત સરકાર

**પ્રતિ,**

--માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
--માન. રા.ક. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- અગ્ર સચિવશ્રી (ઉ.અને ટે.શિ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાનની કચેરી,સેકટર-૧૭,ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ, ગાંધીનગર.
-- શિક્ષણ વિભાગ હેઠળની સર્વે શાખાઓ, સચિવાલય,ગાંધીનગર.
-- બજેટ શાખા ,નાણા શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબ સાઇટ પર મુકવા સારૂ./
-- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,
-- સિલેકટ ફાઇલ.